ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૧૧-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### બગદાદીના સકંજામાં ફસાયેલી ભારતની આબરૂ

ઇરાકમાં 'આઇ.એસ.આઇ.એસ'ના ખૂંખાર-માણસખાઉ, લોહી તરસ્યા ઇસ્લામિક આતંકવાદીઓ દ્વારા અપહરણ કરાયેલ ચાળીસ કેરાલિયન નર્સોને હેમખેમ છોડાવવામાં સફળ થયેલ કેન્દ્ર સરકાર એ જ રીતે બંધક બનાવાયેલ ચાલીસ ભારતીય મજૂરોને છોડાવી શકી નથી, તે એક રહસ્યમય અને કરૂણાજનક ઘટના છે. આ તમામ મજૂરો પંજાબ અને હરિયાણાના છે. તેથી એમનાં કુટુંબીઓ ઉપરાંત ખુદ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ કેન્દ્રને આ મુદ્દે સતર્ક રહી વહેલી તકે બંધક બનાવાયેલ ભારતીય મજૂરોને છોડાવવા અપીલ અને આજીજી કરતા રહ્યા છે. છ મહિના થયા છતાં સરકાર હજી આ અપહૃત ભારતીય નાગરિકોની સ્થિતિ વિશે નક્કર માહિતી મેળવી શકી નથી. ચાળીસ પૈકીનો એક હરજિતસિંહ આતંકવાદીઓનાં સકંજામાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો છે અને તે હાલ ઇરાકમાં ભારતીય દૂતાવાસનાં સંરક્ષણમાં સલામત છે. કેન્દ્ર સરકારને આ મજૂરો વિશે એનાં સ્રોતો મારફત તપાસ કરતાં એવી માહિતી મળી છે કે બધા મજૂર હેમખેમ છે. પરંતુ ભાગી છૂટેલા હરજિતસિંહ જુદી જ વાત કરે છે. વધુ રહસ્યમય બાબત એ છે કે આ હેમખેમ છટકી આવેલા મજૂરને પણ આટલા લાંબા સમયથી ભારતીય દૂતાવાસમાં નજરકેદ જેવી સ્થિતિમાં રાખવામાં આવ્યો છે. એનું કારણ એ છે કે હરજિતે એની સાથે કામ કરનારા બે બાંગ્લાદેશી મજૂરો સમક્ષ તેમ જ ભારતીય દૂતાવાસ સમક્ષ એવી વાત કરેલી કે એના સિવાયના ઓગણચાલીસ ભારતીયોને આતંકવાદીઓએ ઠાર મારી દીધા છે. એને પોતાને પણ ગોળી મારવામાં આવેલી પણ એ પગમાં વાગવાથી તે બચી ગયો છે. બાકીના બધાની સાથે એને પણ મરી ગયેલો માનીને આતંકવાદીઓ ચાલ્યા ગયા તે પછી એ ધીમે રહીને અંધારાનો લાભ લઇ ભાગી છૂટ્યો હતો અને એણે ભારતીય દૂતાવાસમાં પહોંચી જઇ રક્ષણ મેળવી લીધું હતું. આ ઘટના છ મહિના પહેલાંની છે જયારે અલ-બગદાદીના નેતૃત્વ હેઠળ ઇસ્લામિક આતંકવાદીઓએ ભારતીય અને બાંગ્લાદેશી મજૂરોને બાન પકડ્યા હતા. એ પછી એમણે બાંગ્લાદેશના મજૂરોને છોડી મૂકેલા અને ભારતીય મજૂરોને ઇરબીલ કે અન્ય કોઇ અજ્ઞાત સ્થળે લઇ ગયા હતા. હરજિતસિંહે નરી આંખે જોયેલ કત્લેઆમની વાત ભાગી છૂટ્યા બાદ એની સાથે કંપનીમાં કામ કરતા બાંગ્લાદેશી મજૂરોને કરી હતી. તાજેતરમાં એબીપી ન્યૂઝ ચેનલ દ્વારા હાથ ધરાયેલ જાત તપાસમાં હરજિતસિંહે જે બાંગ્લાદેશી મજૂરોને આંખે દેખ્યો અહેવાલ આપેલો તેનું જ પુનરાવર્તન થયેલ છે. આ બાબતે રાજયસભામાં નિવેદન આપતાં વિદેશમંત્રી સુષમા સ્વરાજને પણ કબૂલવું પડ્યું છે કે અપહરણ કરાયેલ ૩૯ ભારતીય મજૂરોને કયાં રખાયા છે એની સરકાર પાસે કોઇ જ માહિતી નથી. વળી એ ખરેખર હયાત છે કે કેમ - એ વિશે પણ સરકાર છાતી ઠોકીને કશું કહી શકવાની સ્થિતિમાં નથી. સુષમા સ્વરાજે અર્થાત્ કેન્દ્ર સરકારે આ બાબતે આટલા લાંબા સમય સુધી કશો ખુલાસો નથી કર્યો, એથી સ્વાભાવિક રીતે જ સરકાર રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઇ ગયેલ છે. સુષમાની દલીલ છે કે તેઓ એમનાં વિશ્વાસપાત્ર સ્રોતો પાસેથી મળેલ લેખિત માહિતીને સાચી માનીને ચાલે છે, જે મુજબ અપહરણ કરાયેલ ભારતીયો હેમખેમ છે. જો કે એથી વિશેષ માહિતી એમની પાસે નથી. જયારે અમેરિકન અને બ્રિટીશ નાગરિકોનાં માથાં વાઢીને એના વીડિયો વાઇરલ કરાયા હોય ત્યારે આ મુદ્દે ભારત સરકારની લાચારી અને મર્યાદાઓ સમજી શકાય એમ છે. આપણે પણ સુષમા સ્વરાજની થિયરી સાચી પડે અને મોડા વહેલા એ ગરીબ ભારતીય મજૂરો ઘેર પાછા ફરે એવું જ ઇચ્છીએ. અલબત્ત, દુનિયાભરમાં છપ્પનની છાતી ઉઘાડી કરીને હાકલા-પડકારા કરનારા વડાપ્રધાન માટે આ ઓગણચાલીસ જિંદગીઓ વિશેના માઠા સમાચાર નામોશીભર્યા જ નીવડે. પરંતુ અલ-બગદાદી જેવા આદમખોર આતંકવાદીઓ સામે લડવાની કે બંધક ભારતીયોને એરલિફ્ટ કરી સ્વદેશમાં લઇ આવવાની ક્ષમતા કેળવતાં તો કોણ જાણે કેટલાં દાયકાઓ વીતી જશે! અત્યારે તો આરબ દેશોની સાથેના ડિપ્લોમેટિક સંબંધોને કુનેહપૂર્વક સમન્વય કરીને ફસાયેલા જીવોને કસાઇવાડેથી છોડાવવામાં જ શ્રેય લેખાશે.

# પ્રથમ સ્ટુડન્ટસ્ ઓલમ્પિક રમતમાં ગાંધીનગર ટેકવોન્ડો ટીમે ૧૭ મેડલ્સ મેળવ્યા

## સ્પર્ધા મહારાષ્ટ્રના ઔરંગાબાદ ખાતે યોજાઈ હતી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની ટેકવોન્ડો ટીમે મહારાષ્ટ્રમાં યોજાયેલ પ્રથમ સ્ટુડન્ટસ્ ઓલમ્પિક નેશનલ ગેમમાં ૧૭ મેડલ મેળવી પાટનગરની શાન વધારી છે. વિજેતા ખેલાડીઓની સાઉથ એશિયન ગેમ્સ માટે પસંદગી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના ખેલાડીઓ હવે દેશમાં નામ ગુંજતુ કરી રહ્યા છે. શહેરને ફક્ત રાજકીય રીતે જ નહિ પણ ખેલાડીઓની નગરી તરીકે ઓળખાય તો નવાઈ નહિ... મહારાષ્ટ્રના ઔરંગાબાદ શહેરમાં પ્રથમ સ્ટુડન્ટસ્ ઓલમ્પિક નેશનલ ગેમ્સ યોજાઈ હતી.



ગાંધીનગર ટેકવોન્ડો ટીમે સ્પર્ધામાં ભાગ લીધો હતો. ખેલાડીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૧૭ મેડલ મેળવી જિલ્લા અને રાજયનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધામાં કુ. શૈલી પટેલ, અનંત દહિયા, રિશી ગોસ્વામી, રોહન દહિયા, સૌમ્ય ચૌહાણ અને હિમાંશુ વાઘેલાએ ગોલ્ડ મેડલ, ઉત્સવ ચૌધરી, સુખવિંદરસિંઘ, ઉમંગ ચાવડા અને ગૌતમ આશિષે સિલ્વર મેડલ અને યુવરાજસિંહ ચાવડા, કૃણાલ પટેલ, આદિત્ય લિંબાચિયા, વૃત્ત પટેલ, લોકેશ શર્મા, કલ્પેશ શાહ અને જૈનિશ પટેલે બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યું છે. તમામ ખેલાડીઓ સાઉથ એશિયન ગેમ્સમાં પસંદગી પામ્યા છે.

સ્પર્ધાની તાલીમ અને માર્ગદર્શન જતીન દવે અને મિલન કંસારાએ આપી હતી. સમગ્ર ટીમની કમામ અજય જાડેજાના હાથમાં હતી. સંસ્થાના પ્રકાશભાઈ સંતવાણી અને અશ્વિન પટેલે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

# રાજયકક્ષાની અંડર-૧૬ ભાઈઓની હોકી સ્પર્ધામાં વડોદરાની ટીમને ઢેર કરી ગાંધીનગરે ટાઈટલ જીત્યુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની પ્રેમધારા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ રાજયકક્ષાની હોકી સ્પર્ધાની ફાઈનલમાં વડોદરાની ટીમને પરાજીત કરી ચેમ્પિયન બની છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓ ખેલ ક્ષેત્રે આગળ વધે તેમનામાં રહેલી શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી ખેલમહાકુંભ યોજવામાં આવે છે. જેમાં રાજ્યના દરેક જિલ્લામાં સ્પર્ધાઓ યોજાય છે. ખો-ખો, હોકી, કબડ્ડી સહિતની અનેક સ્પર્ધાઓ યોજવામાં આવે છે અને તેમાંથી મોટા પ્રમાણમાં હીરા મળી આવે છે.

ખેલ મહાકુંભ અંતર્ગત રાજય કક્ષાની અંડર-૧૬ ભાઈઓની હોકી સ્પર્ધાની ફાઈનલ વડોદરાના માંજલપુર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની પ્રેમધારા હાઈસ્કૂલ અને વડોદરાની ટીમ સામ-સામે ટકરાઈ હતી અનેવડોદરાની ટીમને ફાઈનલમાં ગાંધીનગરની ટીમે મ્હાત કરી ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો હતો. ગાંધીનગરની ટીમમાં ધર્મેશ રાઠોડ, પાર્થ પરમાર, વનરાજ ઠાકોર, રજની ઠાકોર, રોનક પરમાર અને ભાવેશ ઠાકોરે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. રાજયકક્ષાની અંડર-૧૬ ભાઈઓની હોકી ફાઈનલ સ્પર્ધામાં ગાંધીનગર ટીમ વિજેતા બનતા શાળા મેનેજમેન્ટ અને સ્ટાફે અભિનંદન પાઠવ્યા છે.



# ગાંધીનગર ખાતે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વિમીંગ ટુર્નામેન્ટ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સેક્ટર-૨૧ જીમખાના ખાતે યોજાયેલ ત્રિદિવસીય ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વિમીંગ ટુર્નામેન્ટ-૨૦૧૪-૨૦૧૫ નો ગુરૂવારે મેડલ વિતરણ કાર્યક્રમ લેજીસ્લેટીવ એન્ડ પાર્લામેન્ટરી અફેર્સ વિભાગના સચિવ શ્રી જે.એસ. ગોઠીના હસ્તે સંપન્ન થયો. સચિવાલય વેલ્ફેર કમિટી અને સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ કલ્ચરલ એન્ડ સ્પોર્ટસ બોર્ડ અંતર્ગત યોજાયેલ સ્વિમીંગ ટુર્નામેન્ટમાં મેન અને વુમન ટીમમાં ૧૧૨ પોઈન્ટ સાથે લક્ષદ્વીપ અને ૧૫૬ પોઈન્ટ સાથે કરળ ટીમ વિજેતા બની હતી. ટુર્નામેન્ટમાં ઓવર ઓલ ચેમ્પિયનશીપમાં કેરળ ટીમ ૨૦૩ પોઈન્ટ સાથે પ્રથમ ક્રમે વિજેતા થઈ હતી.

ટુર્નામેન્ટના મુખ્ય અતિથિ શ્રી ગોઠીએ જણાવ્યું હતું કે, ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વિમીંગ ટુર્નામેન્ટના માધ્યમથી કેન્દ્ર અને રાજ્યના કર્મચારીઓ વચ્ચે ખેલદીલી અને નીકટતાની ભાવના નિર્માણ પામે છે. દેશના વિવિધ ૧૬ જેટલા રાજ્યોમાંથી આવેલા ૨૨૫ કેન્દ્રીય કર્મચારીઓએ સ્વિમીંગ ટુર્નામેન્ટમાં ભાગ લઈને રાજ્ય અને કેન્દ્રીય કર્મચારીઓ વચ્ચેના સંબંધોને વધુ જીવંત બનાવ્યા છે. રમત થકી એકબીજા વચ્ચે આત્મીયતા અને ખેલદીલી વિકસે છે જે આજે મેડલ વિતરણ પ્રસંગે જોઈ શકાય છે. શ્રી ગોઠીએ વિજેતા તમામ ખેલાડી-ટીમોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ટુર્નામેન્ટમાં ઓવર ઓલ ચેમ્પિયનશીપમાં કેરળ ઉપરાંત લક્ષદ્વીપ અને ગુજરાતની ટીમ દ્વિતીય અને ત્રીજા ક્રમે રહી હતી. વ્યક્તિગત મેડલમાં ગુજરાતી કર્મચારીઓએ ૪ સિલ્વર ણને ૯ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

ટુર્નામેન્ટ સમાપન પ્રસંગે નાણાં વિભાગના સંયુક્ત સચિવ અને અતિથિ વિશેષ શ્રી એચ.વી. શેલત, સ્વિમીંગ ટુર્નામેન્ટના ચેરમેન શ્રી જવલંત ત્રિવેદી, સા.વ.વિ.ના નાયબ સચિવ શ્રીમતી દેવી પંડ્યા અને ભારત સરકારના પ્રતિનિધિ શ્રી રાજેન્દ્રકુમાર સા.વ.વિ.ના નાયબ સચિવ શ્રી જિતેન જોષીએ ખેલાડીઓને મેડલ આપી સન્માનીત કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય રેફરી શ્રી કમલેશ નાણાવટી તેમજ અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...




કાકા... કોમ્પ્યુટરનો માઉસ મારવાની દવા છે... ? આખી રાત પકડીને બેસી રહે છે... !!

# આજે ટાઉનહોલમાં આરંગેત્રમ્ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

માનવ વ્યકિતત્વના વિકાસ અને આંતરિક ઉર્મિતત્વને ખીલવતી પ્રાચીન કલા ભરતનાટયમ આજે ગાંધીનગરની કુ. અંજલિ ધંધુકીયા રજુ કરશે.

સ્વામિનારાયણ ગુરૂકુલ ધોરણ-૯માં અભ્યાસ કરતી કુ. અંજલિ ધંધુકીયા ટાઉનહોલમાં આરંગેત્રમ્ રજુ કરશે. આજે શનિવાર બપોરે ૨.૩૦ કલાકે કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. કનુભાઈ પટેલ, પ્રમુખ કડી કેળવણી મંડળ, અતિથિ વિશેષ તરીકે કૃષ્ણકાંત જહા-અધ્યક્ષ ગાંધીનગર કલ્ચરલ ફોરમ, એ.બી. વરિયા, નિવૃત્ત આઈ.એ.એસ., પ્રજ્ઞાબેન પટેલ, જિલ્લા માહિતી અધિકારી ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

## સુપર સીંગર ઓફ ડીસ્ટ્રીકનું ઓડિશન યોજાશે

જેસીઆઈ ગાંધીનગર દ્વારા સુપર સીંગર ઓફ ધ ડીસ્ટ્રીકનું પ્રથમ ઓડિશન તા. ૩૦ નવેમ્બર, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ દરમિયાન સેક્ટર-૨૫ સ્થિત કલ્પ વિકાસ લર્નીંગ સેન્ટર ખાતે યોજાશે. ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા જેસીઆઈ પ્રમુખે જણાવ્યું છે.

## ગોપાલક વિદ્યા સંકુલ ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર રબારી કર્મચારી મિત્રોનું સ્નેહ સંમેલન તા. ૧૬મી નવેમ્બરે સેકટર-૭-સી ગાંધીનગરમાં રાખેલ હતું. કાર્યક્રમમાં ગોપાલક વિદ્યા સંકુલ સેકટર-૧૫ની બાળાઓએ સ્વાગત ગીત-પ્રાર્થના રજુ કરેલ હતા. જેમાં ધોરણ-૯ની વિદ્યાર્થીની ઠકકર નિલમબેન પી.ને રૂ.૧૬,૦૦૦નું પેકેટ મળેલ હતું. વિદ્યાર્થીનીએ રકમ પ્રમાણિકતા દાખવી શિક્ષિકાબેન જાગૃતિબેન રબારીને સુપ્રત કરેલ બહેનશ્રીએ આ રકમ કાર્યક્રમના આયોજકને રકમ આપી આમ શિક્ષિકાબહેન તેમજ વિદ્યાર્થીની બંનેની પ્રમાણિકતાને શાળાએ બિરદાવી છે. તેમજ તેમણે સંકુલને ગૌરવ અપાવ્યું છે. અને બીજી બાળાઓ માટે પ્રેરણારૂપ બનેલ છે.

## સ્ટેટ કબડ્ડી સ્પર્ધાનો શુભારંભ

આજે સેક્ટર-૧૫ સાઈ સ્પોર્ટસ સેન્ટર ખાતે જુનિયર સ્ટેટ કબડ્ડી ચેમ્પિયનશીપ ભાઈઓ અને બહેનોની સ્પર્ધાનો શુભારંભ સવારે ૧૦.૩૦ વાગે કરવામાં આવશે. તેમ ગાંધીનગર શહેર કબડ્ડી એસોસિએશને જણાવ્યું છે.

## પેથાપુર હાઈસ્કુલની સામે વધુ ફી બાબતે વાલીમંડળ આંદોલન કરશે

શેઠ એમ.બી. માધ્યમિક શાળા પેથાપુર ગ્રાન્ટેબલ સ્કુલમાં છેલ્લા બે વર્ષથી ગેરકાયદેસર ફી લઈને વિદ્યાર્થીઓ/વાલીઓને અન્યાય કરાતાં સ્વામી વિવેકાનંદ વાલીમંડળ પેથાપુર દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને લેખિતમાં રજુઆત કરાઈ છે.

જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા રૂબરૂ સ્થળ તપાસ કરાતાં ગેરકાયદેસર લેવાતી ફી બાબતે કેટલીક સ્પષ્ટતાઓ માંગેલ છે અને ફી વિદ્યાર્થીઓને પરત કરવા હુકમ કરેલ છે. છતાં શાળાએ ફી પરત કરેલ નથી. તા. ૪થી સપ્ટેમ્બરના રોજ વાલીમંડળ દ્વારા શિક્ષણાધિકારી પાસેથી આર.ટી.આઈ. હેઠળ માહિતી માંગેલ જેનો જવાબ હજુ સુધી મળેલ નથી જેથી તા. ૧૭મી નવેમ્બરે વાલીમંડળ અપીલમાં ગયેલ છે. જેનો આજ દિન સુધી જિલ્લા શિક્ષણાધિકારી તરફથી જવાબ મળેલ નથી. તપાસ કરનાર અધિકારી અને સંચાલક મંડળની સાંઠગાંઠ રચાઈ હોય તેમ જણાતાં વિવેકાનંદ વાલી મંડળ પેથાપુર ઉગ્ર આંદોલન કરશે તેમ મહામંત્રીશ્રી પોપટલાલ એસ. પ્રજાપતિએ જણાવેલ છે.

## જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વિજયી બન્યા

સેકટર-૨ ૩માં આવેલ જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ ખેલ મહાકુંભની વિવિધ રમતોમાં કાઠુ કાઢયું છે. શાળાના વિદ્યાર્થીઓ રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે તેમજ શાળાના વિદ્યાર્થી કિશન પ્રજાપતિએ રાજયકક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ સાથે રૂ. ૧૦ હજારનો રોકડ પુરસ્કાર મેળવ્યો છે. હેત પટેલ-૮૦ મીટર વિઘ્ન દોડ, યશ પટેલ લાંબીકૂદ, કિશન પ્રજાપતિ, કૃણાલ પટેલ અને અભિરાજસિંહ રાજપૂતે ટેકવોન્ડો સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

# આજે શ્રી પ્રમુખસ્વામી મહારાજનો જન્મદિવસ

## ગીતાની સ્થિતપ્રજ્ઞતાનું દર્શન એટલે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

**પ્રસંગસર**
- મહેશ સુરતવાલા

ઇ.સ. ૧૯૭૪ની ૨૫મી જાન્યુઆરીએ વહેલી સવારે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની એક ધર્મગુરુ તરીકે પ્રથમ વિદેશયાત્રા આરંભાતી હતી. તેઓ ભારત (મુંબઇ)થી આફ્રિકા (નાઇરોબી) જઇ રહ્યા હતા. મુંબઇ એરપોર્ટ પર હજારોની મેદનીએ સ્વામીશ્રી સહિત ૧૨ સંતોને ભવ્ય વિદાય આપી. બરાબર ૧૦.૧૫ વાગે એર ઇન્ડિયાનું 'ગૌરીશંકર' જમ્બો જેટ વિમાન ઉપડ્યુ. નાઇરોબી ઉતર્યું.

આફ્રિકાના સેંકડો ભક્તો ફૂલહાર લઇને એરપોર્ટ પર સ્વાગત કરવા તત્પર હતા, પરંતુ અચાનક જ એરપોર્ટ ઉપર જાહેરાત થઇ : 'પ્રમુખ સ્વામી અને પાર્ટી અહીં ઉતરી શકશે નહીં. તેમને ભારત પાછા જવાનું છે.' જાહેરાતના શબ્દો જાણે વજ્રપાત હતો. સૌને આંચકો લાગ્યો. નાઇરોબીના ભક્તો માટે તો આ ભયંકર આઘાત હતો. અચાનક આવું કેમ થયું? આવું થાય એમાં આપણી આબરું શું? કોણે આ કારસ્તાન કર્યું? વગેરે જાત-જાતના તર્ક-વિતર્કો સૌનાં મનમાં ઉઠવા લાગ્યા. ચર્ચાઓ થવા લાગી. સર્વત્ર વૈચારિક અસ્થિરતા પ્રસરી ચૂકી. સૌને થયું; પ.પૂ. પ્રમુખ સ્વામીશ્રીને કેવું લાગ્યું હશે? પોતાને નહીં ઉતરવા દેવાની જાહેરાત સ્વામીશ્રીએ પણ સાંભળી હતી. પરંતુ તેઓનો પ્રત્યુત્તર માત્ર એટલો જ હતો - 'ભગવાનની જેવી મરજી.'

મુખ પર એ જ ચિત્તની પ્રસન્નતા. આંતરિક ભાવોમાં પણ કોઇ ફેરફાર નહીં. એ જ સ્થિરતા. ગીતાની સ્થિતપ્રજ્ઞતાનું આ પ્રત્યક્ષ દર્શન હતું. જોનાર સૌ કોઇને પાછા વાળ્યાના અપમાન કરતાં પણ સ્વામીશ્રીની ભગવાનના કર્તાપણાની સમજણરૂપી સ્થિતપ્રજ્ઞતા વધુ વિચલિત કરી રહી હતી.

વધુ અહોભાવ તો ત્યારે થાય છે, જયારે આ પ્રસંગ બન્યા પછી સ્વામીશ્રી તુરંત ઠાકોરજીના થાળ વગેરેની ચિંતા કરવા લાગી જાય છે. જાણે કાંઇ બન્યું જ નથી. મુંબઇ પાછા આવ્યા અને સૌને એટલો આનંદ કરાવ્યો કે સૌ કોઇ પણ જાણે બનેલી ઘટનાને વીસરી ગયા. પછી તો પોતે જ ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતમાંથી ગઢડા પ્રથમ પ્રકરણનું ૭૪મું વચનામૃત વાંચ્યું, જેના શબ્દો હતા - '...જેને જટલી સમજણ હોય તે તો જયારે કોઇક આપાતકાળ આવી પડે ત્યારે કળાય.' આમ કહી શ્રીજી મહારાજે ફરી વાત કરી કે - 'આપણે તો શ્રીકૃષ્ણ નારાયણના દાસ છીએ, તે શ્રી કૃષ્ણ નારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું... અને એ ભગવાન આપણને હાથીને બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું... પણ કોઇ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહીં. એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઇ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહીં.' સ્થિરપ્રજ્ઞતાનું રહસ્ય આ શબ્દોમાં સમાયું હતું. સ્વામીશ્રી આ શબ્દો જયારે સમજાવતા હતા ત્યારે તેમના જીવન સાથેની એકરસતા સહેજે જ નીખરી ઉઠતી હતી. એ રહસ્ય પ.પુ. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં પૂરેપુરું ઘૂંટાયું છે એ વાતની સૌને અનુભૂતિ થઇ. આવા સત્પુરૂષોના દિવ્ય જીવનપ્રસંગોનું મનન કરીએ તો મુશ્કેલીભર્યા સંજોગોમાં પ્રભુ સાથે એક તાર થવાની ખબર પડવા લાગશે અને તેમનાં કર્તાપણાની સમજણમાં સ્થિરતા પ્રાપ્ત થતી જશે.

